**ચટાકેદાર ઝેર!**




# શું આપણાં બાળકોને રીતસર ઝેર પીરસવાનો કાળો કારોબાર ચાલી રહ્યો છે?

## એક્સપાયરી ડેટ ભૂંસીને કરોડો રળવાનું નફાખોરોનું કાવતરું એક બાહોશ અધિકારીએ ખુલ્લું પાડ્યું

**વિકલ્પ**

★ દીપક આશર

આજના જમાનામાં ગામડું હોય કે શહેર, નાનાં છોકરાંઓને જો ભૂખ લાગે એટલે મા-બાપ પાંચ-દસ રૂપિયાનો સિક્કો હાથમાં પકડાવીને દુકાનેથી કુરકુરે, લેઝ કે મેગીનું પડીકું લઈ આવવાનું કહેતા હોય છે, પણ અરે બાપ રે! શું તમને ખબર છે કે આ ચટાકેદાર પડીકાં પાછળ કેવું કાળુંકૃત્ય ખેલાઈ રહ્યું છે? નવી મુંબઈના તુરભે વિસ્તારમાંથી મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન અને ક્રાઈમ બ્રાન્ચના દરોડામાં જે ભોપાળું બહાર આવ્યું છે, એ સાંભળીને તમારાં રૂવાડાં ઊભાં ન થઈ જાય તો કહેજો!

જે માલની વાપરવાની મુદત પૂરી થઈ ગઈ હોય, જેને કચરાના ઢગલામાં ફેંકી દેવો જોઈએ, તેને ફેક્ટરીઓમાં છાનામાના લાવીને તેની જૂની તારીખ ભૂંસી નાખવામાં આવતી હતી. એના પર કેમિકલ થિન્નર ઘસીને, કમ્પ્યુટરીકૃત પ્રિન્ટરો વડે નવી જ તારીખ (Manufacturing & Expiry Date) છાપી મારવામાં આવતી હતી! હદ તો ત્યાં થાય છે કે, પોષક તત્વો અને ઈન્ગ્રેડિયન્ટ્સ વાળા જૂના લેબલ પણ ઉખાડીને નવેસરથી સ્ટીકર ચોંટાડી દેવાતા હતા. એટલે કે સડેલો અને ઝેર સમાન માલ સાવ તાજો અને નવો હોય એવા વેશમાં બજારમાં વહેતો કરી દેવાતો હતો!

આખી કહાની સમજવા જેવી છે. નવી મુંબઈના તુરભે વિસ્તારમાં 'સાધના એન્ટરપ્રાઈઝ' ખાતે ચાલી રહેલા કરોડો રૂપિયાના એક્સપાયરી ડેટ બદલવાના રેકેટનો પર્દાફાશ થયા બાદ મહારાષ્ટ્રના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA)ના વડા તુકારામ મુંઢે અચાનક મીડિયાની હેડલાઈન્સમાં ચમક્યા છે. પોતાના કડક વલણ, ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સ અને વહીવટી શિસ્ત માટે જાણીતા આ IAS અધિકારીએ ખાદ્ય સુવિધાઓમાં ચાલતા કાળઝાળ કારોબાર સામે લાલબત્તી ધરી દીધી છે.

તુકારામ મુંઢેનો ટ્રેક રેકોર્ડ હંમેશાં નીડર અને પરિણામલક્ષી નિર્ણયોથી ભરેલો રહ્યો છે. ભૂતકાળમાં નાગપુર, નાશિક અને નવી મુંબઈના મ્યુનિસિપલ કમિશનર તરીકેની પોતાની સફરમાં તેમણે ગેરકાયદે બાંધકામો, કરચોરી અને બેદરકાર અધિકારીઓ સામે આકરા પગલાં ભરીને પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. રાજકીય દબાણો કે વગદાર નેતાઓની ધમકીઓને નેવે મૂકીને લોકહિતના નિર્ણયો લેવા એ તેમની કાર્યશૈલીનો મુખ્ય હિસ્સો છે.

તાજેતરમાં નવી મુંબઈ દરોડામાં લેઝ, કુરકુરે અને મેગી જેવા ખ્યાતનામ પ્રોડક્ટ્સ પર એક્સપાયરી ડેટ ભૂંસીને નવી પ્રિન્ટ કરવાનો પર્દાફાશ થયો, તેમાં મુંઢેના સીધા માર્ગદર્શન હેઠળ FDA અને ક્રાઈમ બ્રાંચની ટુકડીઓએ કામ કર્યું હતું. તેમણે માત્ર જથ્થો જપ્ત કરી સાંત્વના માનવાને બદલે સંબંધિત ફર્મનંબર લાયસન્સ રદ કરી, ભારતીય ન્યાય સંહિતા હેઠળ FIR નોંધાવી આંતરરાજ્ય સપ્લાય ચેઈનને તોડી પાડવા તપાસ લંબાવી છે.

રેડ પાડવા ગયેલી પોલીસ અને FDAની ટીમે જ્યારે તુરભેના ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં આવેલી 'સાધના એન્ટરપ્રાઈઝ'ના ગોડાઉનમાં પગ મૂક્યો ત્યારે અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા. એ ભેજવાળા અને ગંદા ગોડાઉનમાં બોટલો ભરી ભરીને એવું કેમિકલ સોલવન્ટ રાખેલું હતું જે પેકેટ પરના શાહીના અક્ષરો ઘડીના છઠ્ઠા ભાગમાં સાફ કરી નાખે! ત્યાં ટેબલ પર એક મશીન ગોઠવેલું હતું, જેના પર 'I Love My India'નું સ્ટીકર મારેલું હતું! આ જ મશીનથી એ હરામખોરો દેશના નિર્દોષ લોકોના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યા હતા. કમ્પ્યુટરની સ્ક્રીન પર એક માણસ નવી તારીખ નક્કી કરે અને કમ્પ્યુટર સંચાલિત સ્ટેન્સિલ પ્રિન્ટર વડે ધડાધડ પડીકાં પર ખોટી તારીખ છપાતી જાય. જો આ માલ બજારમાં નિકાસ થઈ ગયો હોત, તો કેટલાય બાળકોના પેટમાં આ સડો પહોંચ્યો હોત અને ન જાણે કેટલીય હોસ્પિટલોના ખાટલા ભરાયા હોત.

આ કોઈ એકાદ નાના વેપારીનો છૂટક ધંધો નહોતો, પણ કરોડો રૂપિયાનું આંતરરાજ્ય કૌભાંડ હતું. તપાસમાં બહાર આવ્યું છે કે મુંબઈ ઉપરાંત દિલ્હી અને નોઈડાની 10 જેટલી મોટી એક્સપોર્ટ-ઈમ્પોર્ટ કંપનીઓ આ માલ ખરીદીને આગળ સપ્લાય કરતી હતી.

દરોડા દરમિયાન મળી આવેલા જથ્થાના આંકડા આંખો પહોળી કરી દે તેવા છે! દરોડામાં કુલ ૮,૪૪૨ કાર્ટન (ખોખાં) સીલ કરાયા હતા. ઝડપાયેલી વાનગીઓમાં કુરકુરે (મસાલા મંચ, સોલિડ મસ્તી, પફકોર્ન), લેઝ ચિલી-મસાલા, મેગી આટા અને મસાલા નૂડલ્સ, નૂર સોપ, હેલમેન્સ માયોનિઝ, તેમજ થમ્સ અપ અને લિમ્કા જેવાં કોલ્ડડ્રિંક્સ પણ હતા! આ બધો માલ બજારમાં ઠાલવીને નિર્દોષ ગ્રાહકોના ખિસ્સાં કાપવાની અને તેમના સ્વાસ્થ્યને જોખમમાં મૂકવાની આખી ગોઠવણ થઈ ચૂકી હતી.









આ મસમોટા ભોપાળા બાદ મહારાષ્ટ્ર સરકારે કડક વલણ અપનાવ્યું છે. 'સાધના એન્ટરપ્રાઈઝ'નું લાયસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું છે. આ ઉપરાંત ઘટનાસ્થળેથી મળેલી 'યુનિક ફ્રેગ્રન્સ' અને 'પ્રિસ્ટિન વર્લ્ડવાઈડ' નામની બે ફર્મ પાસે પણ ખાદ્ય સુરક્ષાનું (FSSAI) લાયસન્સ કે માલ ખરીદ્યાના બિલ નહોતા, જેથી તેમનો માલ પણ સીઝ કરીને સેમ્પલ લેબોરેટરીમાં મોકલાયા છે.

તુરભે પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતા અને ફૂડ સેફ્ટી કાયદા હેઠળ ગુનો દાખલ થયો છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ અગાઉ આ જ કૌભાંડીઓએ કેટલો માલ બજારમાં ઠાલવી દીધો છે અને આ કાળી કમાણીમાં કયા કયા મોટા માથાં સામેલ છે. નવા મુંબઈમાંથી પકડાયેલું આ એક્સપાયરી ડેટ બદલવાનું કૌભાંડ માત્ર એક ગુનો નથી, પરંતુ નિર્દોષ જનતા, વિશેષ કરીને ભૂલકાંઓ સામેનું 'ધીમું ઝેર' પીરસવાનું સંગઠિત કાવતરું છે. જ્યારે મોટો ઉદ્યોગ અને બ્રેન્ડેડ કંપનીઓના નામે માલ વેચાતો હોય ત્યારે ગ્રાહક આંખ બંધ કરીને વિશ્વાસ મૂકતો હોય છે, પરંતુ પૈસાની આંધળી દોડમાં કેટલાક નફાખોર વેપારીઓ માનવતા જ નેવે મૂકી બેઠા છે.

આવા કૌભાંડીઓ સામે માત્ર ફૂડ સેફ્ટી કાયદાની હળવી કલમો જ નહીં, પણ માનવજિંદગી સાથે રમવા બદલ કડકમાં કડક ગુનાઈત ધારા હેઠળ કેસ ચાલવો જોઈએ અને તેમની મિલકતો જપ્ત કરવી જોઈએ. આ માલ કઈ કંપનીઓ પાસેથી એક્સપાયરી પછી ખરીદાયો અને કઈ એક્સપોર્ટ ફર્મો દ્વારા વિદેશ કે સ્થાનિક બજારમાં જવાનો હતો, એ તમામ કડીઓ ખુલ્લી પાડીને આંતરરાજ્ય નેટવર્ક તોડી પાડવું પડશે.

> **જે માલની વાપરવાની મુદત પૂરી થઈ ગઈ હોય, જેને કચરાના ઢગલામાં ફેંકી દેવો જોઈએ, તેને ફેક્ટરીઓમાં છાનામાના લાવીને તેની જૂની તારીખ ભૂંસી નાખવામાં આવતી હતી**

ફૂડ ઈન્સ્પેક્ટરોએ માત્ર મોટી ફેક્ટરીઓ પર નિર્ભર રહેવાને બદલે પ્રોસેસ્ડ ફૂડના સપ્લાયર્સ અને ગોડાઉનો પર અચાનક દરોડા પાડવાની ઝુંબેશ સતત ચાલુ રાખવી પડશે. એટલું જ નહીં, દરેક નાગરિકે ખરીદી કરતી વખતે લેબલ અને એક્સપાયરી ડેટ બારીકાઈથી ચકાસવાની ટેવ પાડવી પડશે. સહેજ પણ શંકા જાય તો સ્થાનિક તંત્રને તરત જ જાણ કરવી જોઈએ.

આ ઘટના આપણને સૌને જાગૃત કરવા માટે આંખ ઉઘાડનારી છે. કંપનીઓ ગમે તેટલી મોટી હોય કે પેકિંગ ગમે તેટલું ચળકતું હોય, પણ કાળો કારોબાર કરનારાઓ સામે સરકારે અને સમાજે સાથે મળીને લાલબત્તી ધરવી જ પડશે. ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કે એક્સપાયરી ડેટ સાથેની રમત એ જનઆરોગ્ય સાથેનો સીધો દ્રોહ છે અને એમાં સંકળાયેલા કોઈ પણ ગુનેગારને બક્ષવામાં ન આવે એ જ સમયની માગ છે!